વન અને પર્યાવરણ વિભાગ હેઠળના કાયદા અધિક્ષક (જુનિયર ડ્યુટી) વર્ગ-૨ સંવર્ગમાં સીધી ભરતીથી નિમણૂક કરી ભરવાની થતી જગ્યાઓમાં દિવ્યાંગ વ્યક્તિઓ/ ઉમેદવારો માટે જગ્યા અનામત રાખવા તથા દિવ્યાગતાઓ સુનિશ્ચિત કરવા બાબત.

ગુજરાત સરકાર,
વન અને પર્યાવરણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ- ભરત-૧૦૨૦૨૦-૧૩૦-ડ(પાર્ટ-૧)
સચિવાલય, ગાંધીનગર.
તારીખ.૦૪/૦૬/૨૦૨૫

<u>વંચાણે લીધા</u>:-

(૧) ભારત સરકારનો તા. ૨૮/૧૨/૨૦૧૬ નો દિવ્યાંગ વ્યક્તિઓનો અધિકાર, અધિનિયમ, ૨૦૧૬.

(૨) દિવ્યાંગજન સશક્તીકરણ વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, ભારત સરકારના તા.૦૪/૦૧/૨૦૨૧ ના જાહેરનામા નં.૩૮-૧૬/૨૦૨૨ DD-III

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૧૮/૦૮/૨૦૨૧ નો પરિપત્ર ક્રમાંકઃઅપગ/ ૧૧૨૦૨૦/૪૭૩૬૨/છ-૧(પાર્ટ-૪)

(૪) વિભાગનો તા.૦૪/૧૦/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક : ભરત/૧૦૨૦૨૦/૧૩૦/ડ.

(૫) દિવ્યાંગજન સશક્તીકરણ વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, ભારત સરકારના તા.૨૯/૦૮/૨૦૨૨ ના જાહેરનામા નં.૩૦-૧૨/૨૦૨૦ DD-III

(૬) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા ૧૭/૦૯/૨૦૨૨નો પરિપત્ર ક્રમાંક : અપગ/ ૧૧૨૦૨૦/૪૭૩૬૨/છ-૧(પાર્ટ-૬)

(૭) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા ૩૦/૧૨/૨૦૨૨નો પરિપત્ર ક્રમાક અપગ/ ૧૧૨૦૨૦/૪૭૩૬૨/છ-૧(પાર્ટ-૬)

(૮) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની તજજ્ઞ સમિતિની તા.૩૦/૦૪/૨૦૨૫ની કાર્યવાહી નોંધ.

<u>પ્રસ્તાવના:</u>

વંચાણે લીધેલ ક્રમ (૧) અન્વયે વન અને પર્યાવરણ વિભાગ હેઠળના ખાતાના વડાના નિયંત્રણ હેઠળની કચેરીઓમાં કાયદા અધિક્ષક (જુનિયર ડ્યુટી), વર્ગ-૨ સવર્ગમાં સીધી ભરતીથી નિમણૂક કરી ભરવાની થતી જગ્યાઓ માટે દિવ્યાંગ વ્યક્તિઓનો અધિકાર અધિનિયમ, ૨૦૧૬ની કલમ-૩૪ અન્વયે દિવ્યાગ ઉમેદવારો માટે દિવ્યાંગતાની શ્રેણી અનુસાર અનામત રાખવાનું ઠરાવવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૬) અને (૭) ના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના પરિપત્રોથી રાજ્ય સરકાર

હસ્તકના તમામ સવર્ગોમાં દિવ્યાંગતાનો પ્રકાર નક્કી કરતી વખતે ગ્રુપ –(C) માં દરેક વિભાગે પોતાના નિયત્રણ હેઠળની જગાઓ માટે હલનચલનની દિવ્યાંગતા (Locomotor Disability) માં Spinal Deformity (SD) and Spinal Injury (SI) without any associated neurological/ limb dysfunctionનો અચૂક સમાવેશ કરવા તેમજ Spinal Deformity (SD) and Spinal Injury (SI) with any associated neurological/ limb dysfunctionના કેસમા જે તે અંગની નિષ્ક્રિયતા ધ્યાનમાં લઇને સંબંધિત દિવ્યાંગતામાં તેનો સમાવેશ થયેલો ગણવા સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવેલ છે.

અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની અધ્યક્ષતામાં તા.30/0૪/૨૦૨૫ના રોજ મળેલ તજજ્ઞ સમિતિની બેઠકમાં એજન્ડા નં-૬ અન્વયે આ વિભાગ હેઠળના ખાતાના વડાના નિયંત્રણ હેઠળની કચેરીઓમા કાયદા અધિક્ષક (જુનિયર ડ્યુટી) વર્ગ-૨ સંવર્ગમા BLA કેટેગરી રદ્દ કરવા તથા Spinal Deformity (SD) and Spinal Injury (SI)નો સમાવેશ કરવામાંથી મુક્તિ આપવાની દરખાસ્તનો અસ્વીકાર કરવામા આવેલ છે.

તદ્દન્વયે વન અને પર્યાવરણ વિભાગ હેઠળના ખાતાના વડાના નિયંત્રણ હેઠળની કચેરીઓમાં કાયદા અધિક્ષક (જુનિયર ડ્યુટી) વર્ગ-૨ સવર્ગમા સીધી ભરતીથી નિમણૂક કરી ભરવાની થતી જગ્યાઓમાં દિવ્યાગતાઓ સુનિશ્ચિત કરવા બાબતે Spinal Deformity and SI-spinal Injuryનો સમાવેશ કરવા અંગે કાળજીપૂર્વકની વિચારણાના અતે આથી નીચ મુજબની સૂચનાઓ પ્રસિદ્ધ કરવાની બાબત વિચારણા હેઠળ હતી

<u>સુધારા ઠરાવ:-</u>

પુખ્ત વિચારણાને અતે વચાણે લીધેલ ક્રમ (૪)ના વિભાગના તા.0૪/૧૦/૨૦૨૧ના ઠરાવના મુદ્દા નં-(૨) (અ)મા કાયદા અધિક્ષક (જુનિયર ડ્યુટી) વર્ગ-૨ની જગ્યા માટે નક્કી થયેલ દિવ્યાગતાની શ્રેણીની વિગતોના બદલે હવે નીચે મુજબની દિવ્યાગતાની શ્રેણી અનુસાર અનામત રાખવાનુ ઠરાવવામાં આવે છે

(અ) કાયદા અધિક્ષક (જુનિયર ડ્યુટી), વર્ગ-૨

| ક્રમ | દિવ્યાંગતાની શ્રેણી | દિવ્યાંગતાનો પ્રકાર | અનામત જગ્યાની ટકાવારી |
|---|---|---|---|
| ૧ | A | B,LV | 1% |
| ૨ | B | D,HH | 1% |
| 3 | C | OA, BA, OL, BL, OAL, BLA, BLOA, CP, LC, Dw, AAV, SD and SI | 1% |
| ૪ | D&E | ASD(M), SLD, MI, MD Involving (a) to (d) above | 1% |

[CATEGORY ABBREVIATIONS USED B=Blind, LV Low Vision, D=Deaf, HH=Hard of Hearing, OA=One Arm, OL-One Leg, BA-Both Arms, BL-Both Leg. OAL-One Arm and One Leg, BLOA=Both Leg & One Arm, CP Cerebral Palsy, LC-Leprosy Cured, Dw-Dwarfism, AAV Acid Attack Victims, MDY-Muscular dystrophy, ASD-Autism Spectrum Disorder (M=Mild, MoD=Moderate), ID=Intellectual Disability, SLD-Specific Learning Disability, MI-Mental Illness, MD-Multiple Disabilities (Including Deaf Blindness), SD- Spinal Deformity and SI-spinal Injury without any associated neurological/ limb dysfunction, SD-Spinal Deformity and SI-spinal Injury with any associated neurological/ limb dysfunction

(૨) આ ઠરાવનો અમલ આ બાબતે સરકારશ્રી દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવેલ ઠરાવો/પરિપત્રોની સૂચનાઓ/શરતો/જોગવાઈઓને આધીન કરવાનો રહેશે.

આ વિભાગના તા.૦૪/૧૦/૨૦૨૧ના સરખા ક્રમાંકના ઠરાવની અન્ય સૂચનાઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આસવ ગઢવી)
નાયબ સચિવ
વન અને પર્યાવરણ વિભાગ

નકલ રવાના :-

- માન રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માન. મુખ્ય મંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (વન અને પર્યાવરણ વિભાગ) ના અગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મત્રીશ્રી (વન અને પર્યાવરણ વિભાગ) ના અગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, (ક.ગ) સામાન્ય વહીવટ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર મુખ્ય વન સરક્ષકશ્રી અને હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફ જરૂરી કાર્યવાહી સારૂ
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર (પત્ર દ્વારા)
- સિસ્ટમ મેનેજરશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, (વેબસાઈટ પર અપલોડ/પ્રસિદ્ધ કરવા સારૂ)
- નાયબ સેક્શન અધિકારીશ્રીની પસદગી ફાઇલ.
- શાખા પસદગી ફાઇલ.